## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ચૈતર ચંપો મ્હોરિયો, ને મ્હોરી આંબાડાળ,
મઘમઘ મ્હોર્યા મોગરા, મેં ગૂંથી ફૂલનમાળ.
જૂઈ ઝળુંબી માંડવે, ને બાગે બાગે ફાલ,
તું ક્યાં છો વેરી વ્હાલમા ? મને મૂકી અંતરિયાળ !
- બાલમુકુંદ દવે

### પાથેય

- રમેશ ઠક્કર

## વિરહનો વ્યાપ...

માણસને વિખૂટા પડી જવાનો ડર લાગે છે.જગતમાં એ જન્મે છે ત્યારે એ કોઈ પરમ શકિતના સંસર્ગમાંથી છૂટીને આવ્યો હોય એમ રડે છે..આ વિચ્છેદ જીવનના અંત સુધી એને સતાવતો રહે છે.પરમ તત્વને પામવા આજીવન થતી મથામણ પાછળ આ વિરહનો ભાવ પડેલો છે..જીવને હંમેશાં શિવની તલાશ રહે છે. ઈશ્વરનો વિરહ એ ઉચ્ચ ભાવ છે..પરંતુ માણસ તરીકે એને સંબંધોનો કોઈકની લાગણીનો પણ વિરહ સતિવતો રહે છે..કોઈને મળવું અને પછી છુટા પડવું એટલું સહજ નથી હોતું..કોઈકને ઝંખવાની તીવ્રતા પણ કેવી હોય છે ? સુંદરમ્ બહુ સરસ રીતે કહે છે 'તમે મેં ઝંખી છે..પ્રખર સહરાની તરસથી !'

વિરહ એ તૃપ્તિનો વિષય નથી..એ એક તરસ છે..સુખની કોઈ પણ પુરેપુરી માણી લીધી હોય કે સંતોષનો કોઈ ઓડકાર જેણે અનુભવી લીધો હોય એના માટે વિરહને સમજવો જરીક અઘરો છે..જીવનની કોઈક અધુરપ કે અરમાન જો બાકી રહી જાય તો માણસ તલસે છે બાકી રહી ગયેલી એ ક્ષણોને પપામવા.કૃષ્ણના વિરહમાં ઝૂરતી રાધા અને એની પ્યાસ જાણેઅજાણે આપણા સહુની ઈચ્છાઓનું પ્રતિબિંબ છે..કેટકેટલી વાતો અને પ્રસંગોની ઓથે માણસની લાગણી માટેની આ પ્યાસ છુપાયેલી હોય છે ! તડપ એ આમ તો દિલનો વિષય છે.અધુરી ઈચ્છાઓનો વસવસો છે..એ કયાંથી ટપકે છે ? માણસની ઈચ્છાઓમાંથી જ કદાચ.મન એ ઈચ્છાનું જન્મસ્થાન છે, કર્મ કદાચ ગંતવ્યસ્થાન.ઈચ્છા અનંત છે..વિધવિધ પણ છે..અને એટલે જ તડપ કે ઝંખનાનો પણ અનેક છે !

માણસ કોઈકની યાદમાં ઝૂરે છે ત્યારે એક તીવ્ર લાગણીની અનુભૂતિ કરે છે..માણસના આ મનોભાવોના પર્યાયો કેટલા બધા છે..? એષણા,ઓરતા, ઝંખના,અભિપ્સા, કામના, મનોરથ, સ્વપ્ન, ખ્વાહીશ,જિજીવિષા, ખેવના, સંકલ્પ,વગેરે વગેરે. માણસનું ચાલકબળ એની ઝંખના છે... ઈચ્છાવિહિન નર (અને નારી પણ) પશુસમાન છે. Necessity is the mother of invention..

વિરહ માણસને મુલાયમ બનાવે છે. મનોરથ એને સમર્થ બનાવે છે.જો માણસજાત વિરહ ના હોત તો મિલનની મજા શું હોત ? માણસ કોઈકને પામવાની ઝંખના ના રાખે તો આપોઆપ ઠપ્પ થઈ જાય..સંતૃપ્તિ એ એનો ઉપાય નથી.અતૃપ્તિ એનો પડછાયો છે...એટલે કે આપણે કરેલી તમામ ખેવનાઓ પરિપુર્ણ થાય એવું બનતું નથી.આ અસંતોષ જ કશીક પ્રાપ્તિનો પથ બને તીવ્રતા એક છેડો છે પણ તોય વિવેકપૂર્ણ ઈચ્છા કદાચ સમતોલ અભિગમ ગણી શકાય.ઈચ્છાનું કદ શકિત કે સામર્થ્ય મુજબ થાય તો અતૃપ્તિના અભિશાપથી બચી શકાય.માણસની ઈચ્છાઓ પણ કેવી વૈવિધ્યસભર હોય છે? આપણો વિરહ સૂખસગવડો કે ભૌતિક લાભો પુરતો સિમિત રહી જાય છે.જેમ આપણી ઈચ્છાઓ લગભગ રોટી કપડા અને મકાનની આસપાસ જ અટકતી હોય છે!! પરંતું આ તૃષ્ણા જો કોઈ પરમ ચીજને પામવા તરફ ઢળતી જાય તો જ વિરહ એ વૈભવ બની જતો હોય છે.ઈચ્છાની પેલે પાર પણ એક દુનિયા હોય છે એમ વિરહના બીજા છેડે એક વ્યાપક સુખનું સરોવર છલકાતું હોય છે !

# કોંગ્રેસની લાચારી, પ્રાદેશિક ને પ્રાથમિકતા

### તંત્રીસ્થાનેથી...

ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ અને કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવાની પ્રતિજ્ઞા લેનારા ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ એટલું તો સ્વીકારશે કે રાહુલ - પ્રિયંકાની જોડીએ પાર્ટીને બેઠી કરવા માટે એમની તમામ ક્ષમતા સાથે ઈમાનદારીપૂર્વક પરિશ્રમ કર્યો હતો. મૂળે હવે દરદી છેલ્લા સ્ટેજમાં છે, એની જીવનશક્તિ ખલાસ થઈ ગઈ છે અને દવેનો કોઈ ડોઝ એને મરતો બચાવી શકે એ સ્થિતિ નથી રહી. કોંગ્રેસને હવે માત્ર યમરાજના હવાલે છોડી દઈ એનું તર્પણ કરી દીવું જોઈએ પણ એના વારસદારો એને વેન્ટિલેટર પર મૂકી મન મનાવી રહ્યા છે. છેલ્લું પરિણામ તો હવે એમને પણ સમજાઈ ગયું છે. કોંગ્રેસનું રાષ્ટ્રીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઘણું મોટું યોગદાન રહ્યું છે એ હકીકતને ઈતિહાસ નકારી શકે એમ નથી પરંતુ કોંગ્રેસ અને અંગ્રેજ શાસન દરમિયાન આઝાદી માટે હિંસાનો માર્ગ અપનાવનારા વિશાળ અને વેરવિખેર સમુદાયની સતત ઉપેક્ષા થઈ તથા એમનાં બલિદાનોની થવી જોઈએ તેવી કદર ન થઈ એ પણ એટલું જ સાચું છે. આજે પંડિત નહેરુ કે સરદાર પટેલ પણ કોંગ્રેસના નિશાન પર ચૂંટણી લડે તો હારી જ જાય. નવી પેઢીને ગાંધીની અહિંસા કરતાં સુભાષબાબુની સશસ્ત્ર લડત કે ભગતસિંહની હિંસા પર વધુ માન છે અને એ હોય તો એમાં કશું ખોટું પણ નથી. ટિળકને 'જહાલ' જૂથના ગણીને ખુદ ગાંધીજીએ વેગળા રાખ્યા અને પોતાને સૌમ્ય-મળાળ મિષ્ટભાષી ગોખળેની પંગતમાં ઢાળવા કોશિશ કરી ત્યારથી કોંગ્રેસનું વિભાજન શરૂ થઈ ગયું હતું. નહેરુ અને સરદાર વચ્ચે કે ગાંધી અને સુભાષ વચ્ચે ન પુરાય એવડી મતભેદની ખાઈ હતી. એથી ગાંધી હત્યા પરત્વે ખુદ ગૃહપ્રધાન સરદાર અપેક્ષા મુજબ વ્યથિત નહોતા થયા. નહેરુ વધુ સંવેદનશીલ અને કવિ હૃદયના હોઈ એમની વિદાયને કવિત્વમય અંજલીમાં મઢી શક્યા હતા. જો કે ગાંધીની ગ્રામલક્ષી રાજનીતિ કે વિકાસનીતિ પર નહેરુને મુદલ ભરોસો નહોતો. એમણે વિશાળકાય પરિયોજનાઓ દ્વારા દેશને વિકાસની કૂચમાં વૈશ્વિક હરિફાઈમાં મૂકવાનો પ્રારંભ કર્યો હતો જેને અક્ષરશઃ વર્તમાન કેન્દ્ર સરકાર આધુનિક સંદર્ભે અનુસરી રહી છે. નહેરુ ઘણાં વર્ષો સુધી દેશ માટે અનિવાર્ય નેતા બની રહ્યા હતા એ જ રીતે મોદી પણ આજની તારીખે તો 'એકમેવ અદ્વિતીયમ્' સાબિત થયા છે. કોંગ્રેસ ખંડિત થતાં થતાં છેક તળિયે પહોંચી ગઈ છે. નહેરુના શાસનકાળ દરમિયાન જ જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દેવ અને રામમનોહર લોહિયાએ કે આચાર્ય કૃપલાણીએ ખાંડાં ખખડાવ્યાં હતાં. ઉત્તર ભારતની મેઈન લેન્ડથી જ એની શરુઆત થયેલી જેના એક પ્રભાવક નેતા તરીકે ચરણસિંહ ઉપસી આવ્યા હતા. ઈંદિરા ગાંધીએ 'બિનસાંપ્રદાયિકતા' , 'નઈ રોશની' અને 'ગરીબી હટાવો' ના નારા ઉપરાંત રાજાઓનાં સાલિયાણાંની નાબૂદી તથા બેંકોના રાષ્ટ્રીયકરણ દ્વારા એક 'વોટબેંક' ઊભી કરી હતી જે હજુ સુધી કોંગ્રેસને એવા ભ્રમમાં રાખી રહી છે. હકીકતમાં એથી દેશનો ટેક્સપેયર સમુદાય અને હિંદુ બહુમતી સતત કોંગ્રેસથી દૂર થતાં રહ્યાં જેની ફલશ્રુતિ રામજન્મભૂમિ - બાબરી વિવાદના નિરાકરણથી લઈ કાશ્મીર અંગેની સર્વસંમત કલમોની નાબૂદીમાં અને કાળક્રમે લઘુમતીને 'નંબર ટુ' નાગરિક ગણી હાંસિયે ધકેલવામાં પરિણમી છે. કોંગ્રેસના વિકલ્પે પ્રાદેશિક પક્ષો કાઠું કાઢી શક્યા છે એમને પણ આ લઘુમતિ તરફની સહાનુભૂતિ સતત નડતી રહી છે. જયાં લઘુમતી જ બહુમતીમાં જ હોય ત્યાં પણ ઓવૈસી જેવા નેતાઓ ચિત્રમાં આવી ગયા છે. વર્તમાન ચૂંટણી પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો 'વોટ શૅર' જુઓ. એ ચાલીસ ટકાથી ઉપર પહોંચી ગયો છે. એને ખાળવાનો એક માત્ર ઉપાય કદાચ કોંગ્રેસ પ્રાદેશિક વિપક્ષોના જ ઉમેદવારોને ટેકો કરે તો મળી શકે એવી વિકટ પરિસ્થિતિ સરજાઈ છે. રાહુલ - પ્રિયંકાએ એમની પૈતૃક - માતૃક પાર્ટીના હક્કો અભરામ નંદાવે સપા, તૃણમૂલ કોંગ્રેસ, એનસીપી, શિવસેના,બિજુ જનતા દળ, રાજય અને 'આપ' સહિતના પ્રબળ પ્રાદેશિક પક્ષોને નામે કરવાની તૈયારી રાખવી જોઈએ, જે કયારેય સંભવિત ખરું ?

# જો તકલીફ હોય તો જ ટેસ્ટ કરવો જોઈએ ?

## બોડી ચેકઅપ કરાવવાની જરૂર નથી?


તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

આજે ડાહ્યાલાલ ગાંડાલાલ, વિપુલ અને નિલે, થોડા વધારે સમય બેઠા. આજે વિપુલનો લગ્નદિવસ છે. એટલે ગાંડાલાલ એ આગ્રહ કરી વિપુલને આજે તો પાર્ટી થઈ જાય. ડાહ્યાલાલ એ કહ્યું વિપુલભાઈ તમારા ત્યાના મિક્સ ભજીયા ખૂબ જ સરસ બને છે. એમાં મરચાનાં ભજીયા અને ડુંગળીના ભજીયા ખાવાની ખૂબ જ મજા આવે છે. સહેજ વધારે મીઠું અને સહેજ વધારે લીંબુ અને જોડે કોથમીરની ચટની અને ટામેટાનું કેચપ. આ ગરમ ગરમ ભજીયા ખાવાની જેવી મજા છે જે લાહવો છે. તે કયારેક ભૂલાય એમ નથી. ગયા વર્ષે પહેલો વરસાદ પડેલો. જમીનમાંથી સરજ મજાની મહેક આવતી હતી. અને એમાં ગરમ ગરમ ભજીયા અને ચા સીજનનો પહેલો વરસાદ અને ભજીયા અને શા ચા ખૂબ મજા આવી હતી. આજે પણ વરસાદ નથી પણ વિપુલનો પ્રેમ એલો બધો છે કે મજા આવી ગઈ. અચાનક ગાંડાલાલ બોલ્યા. આપણી ચાલું વાત હવે સરું કરીએ. ભજીયાની તો મજા જ હોય. ડાહ્યાલાલ બોલ્યા.... તમારે શું જાણવું છે. ગાંડાલાલ અરે પેલી જ વાત આ લેબોરેટરી વાળા બોડી ચેકઅપ ૭૦૦ રુપિયામાં ૮૦ ટેસ્ટ એવું લખે છે. અને અમુક લેબોરેટરી આ જ ટેસ્ટના ૩૫૦ થી ૪૦૦૦ રુપિયા લેતા હોય છે. આવું કેમ... સવાલ એ થાય ખે ૭૦૦ રુપિયામાં ૮૦ ટેસ્ટ કરાવવા કે ૪૦૦૦ માં ૮૦ ટેસ્ટ કરાવવા ? ડાહ્યાલાલ જરા મૂછોમાં હસ્યા અને હસતાં હસતાં બોલ્યા. જેવો ગોળ નાખો એટલું ગળ્યું થાય. સુગર ફ્રી ગોળી નાખવાથી ગળ્યું તો લાગે પણ કેલેરી ના મળે. હવે તમારે નક્કી કરવાનું કે તમારે સુગર ફ્રી ગોલી ખાવી છે કે ગોળ અથવા ખાંડ ખાવી છે. જો ડાયાબિટીસ હોયતો સુગર ફ્રી સારી પણ ડાયાબિટીસ ના હોય તો સુગર ફ્રી શું કરવા ખાવી. એટલે ગાંડાલાલએ કહ્યું યાર ચોખ્ખું કહો આવું ખાલી-ખાલી.... તમે શું કહો છો ખબર નથી પડતી. ડાહ્યાલાલએ કહ્યું ગાંડાલાલ એટલે જો તમારે ખાલી માનસિક સંતોષ માટે બોડી ચેકઅપ કરવાનું હોય તો ૭૦૦ રુપિયામાં કરાવો. અને ખરેખર સાચો રિપોર્ટ જોઈતો હોય તો ૪૦૦૦માં કરાવો. હવે નક્કી તમારે કરવાનું છે કે ૭૦૦ રુપિયામાં જવું કે ૪૦૦૦માં જવું ગાંડાલાલથી રહેવાયું નહીં. એટલે એ નો અર્થ એવો થાય કે ૭૦૦ રુપિયા વાળા રિપોર્ટ સાચા નથી હોતા. અને ૪૦૦૦ વાળા રિપોર્ટ સાચા હોય છે. ડાહ્યાલાલએ કહ્યું. જો કે આનો જવાબ આપવો થોડો અટપટો છે. પણ ખાલી માનસિક સંતોષ ખાતર ૭૦૦ રુપિયામાં ૮૦ ટેસ્ટનો રિપોર્ટ કરાવો અને બધા રિપોર્ટ નોર્મલ હોય તો ખુશ થવાનું પણ... આના રિપોર્ટ ૪૦૦૦ માં કરાવો અને બંનેને સાથે મુકો. અને કમ્પેર કરો કે કયો સાચો છે અને કયો ખોટો છે.

સામાન્ય રીતે તો જે તકલીફ હોય તો જ ટેસટ્ કરાવવા જોઈએ. ઘણા એવા દાખલા છે કે ૭૦૦ રુપિયામાં કરેલા રિપોર્ટ અને ૪૦૦૦માં કરેલા રિપોર્ટમાં તફાવત હોય છે. ડાહ્યાલાલએ કહ્યું. સાવ સાચું તો ના હોય યાર ૭૦૦ રુપિયામાં જે લેબોરેટરી ટેસ્ટ કરતી હશે. એ સાવ ખોટું તો ન જ કરે એ ને પણ એના નામની પડી હોય ને.... કંઈક એવું છે કે જે આપણને સમજાતી નથી. ડાહ્યાલાલ એ કહ્યું કે ગાંડાલાલ તમે જ હમણાં ૭૦૦ રુપિયામાં ૮૦ ટેસ્ટ અને ૪૦૦૦માં ૮૦ ટેસ્ટ એવા બંને રિપોર્ટ કરાવ્યા હોય તો તમને ખબર છે કે બંને રિપોર્ટમાં કેટલો તફાવત હતો. તમારી વાત સાચી ડાહ્યાલાલ કે મને હમણાં જ ખબર પડી કે અમુક દવાની કંપનીઓ પોતાની દવા વેચવા માટે અમુક ટેસ્ટમાં લેબોરેટરીને પૈસા આપતી હોય છે. તેથી અમુક પ્રકારના ટેસ્ટ ડૉકટરો સસ્તા ભાવમાં કરાવતા હોય છે. આના ઉપરથી લેબોરેટરીઓ વધારે બોડી ચેકઅપના નામે ટેસ્ટ કરાવતા હોય છે. કોરોના પછી ઘણી બધી લેબોરેટરી ખાલી થઈ છે. અને હવે કોરોના નથી. એટલે લેબોરેટરીઓ મરવા પડી છે. તેથી જીવવા માટે આવા બધા બોડી ચેકઅપ નામના એસએમએસ કરતા હોય છે.

ગાંડાલાલ કહ્યું કે આપણએ શું કરાવવું... આમાં સાચું શું.... ડાહ્યાલાલએ કહ્યું, મારી બુદ્ધિ પ્રમાણે જવાબ આપું તો શરીરમાં તકલીફ હોય તો જ ટેસ્ટ કરાવવા. સામાન્ય રીતે ડાયાબિટીસ, હિમોગ્લોબીન, થાઈરોઈડ અને યુરીન જેવા સામાન્ય ટેસ્ટ જ કરાવવા. ૭૦૦ રુપિયામાં ૮૦ ટેસ્ટ કરવાની લાલચ રાખવી જોઈએ નહીં.

### દિન મહિમા

- ૧૯૩૦ - દાંડી સત્યાગ્રહનો અમદાવાદથી પ્રારંભ.
- કનુભાઈ દેસાઈની જન્મજયંતિ, ગુજરાતી સાહિત્યકાર.
- ગુણવંત શાહની જન્મજયંતિ, ગુજરાતી સાહિત્યકાર.
- પી.સી. વૈદ્યની પુણ્યતિથિ, જાણીતા ગાંધીવાદી, ભૌતિકશાસ્ત્રીવિદ્

### આજનું ઔષધ

- ગરમાગરમ ચણા સુંઘવાથી શરદી મટે છે.

### ખડખડાટ

- ચા તો હજી ૨૦૨૯ સુધી ઉકળવાની છે. જેને પસંદ છે એ આનંદની પીવે અને જેને પસંદ નથી એ ફંક મારીને પીવે બાકી ચા તો પીવી જ પડશે.

### આજનો વોટ્સએપ

- જીવનની સુગંધ એ જ માણી શકે જેમની પાસે ખીલવા અને ખરવાની ક્ષણોની વચ્ચે મહેંકી જવાની આવડત હોય છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ઓંગ-સાન-સૂ-કી (મ્યાનમાર)ની પાવન સ્મૃતિ


ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

ફરી એક વખત આઠમી માર્ચના દિવસે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વક થશે. ૨૦૨૨ના વર્ષમાં આ ઉજવણીના કેન્દ્રસ્થાને મહિલાઓ સામે થતી હિંસાની બાબત રહેશે. જે રીતે સમાચારપત્રો કે ટેલિવિઝનના પડદે જોઈએ છીએ તે રીતે હજુ પણ મહિલાઓ સામેની હિંસાનો પ્રશ્ન સમગ્ર સમાજ માટે પડકારરૂપ બનીને ઉભો છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા કેટલાક અહેવાલો મુજબ કંપનીઓના સંચાલન મંડળમાં કે ટોચના વહીવટકર્તાઓમાં પણ મહિલાઓનું સ્થાન એકંદરે ઘણું ઓછું છે. પુરુષ તથા સ્ત્રીના વેતનમાં એક સમાન કાર્ય હોવા છતાં ઘણો તફાવત છે. 'જેન્ડર ઈક્વાલિટી' લાવવાના તમામ પ્રયાસો છતાં આજે આપણે આ બાબતમાં સંતોષનો અનુભવ કરી શકીએ તેવું નથી. સામાન્યતઃ સ્થિતિ આવી નિરાશાજનક હોવા છતાં અનેક નારીરત્નોએ 'ય્ૐટ્રજજ ઝીક્ષૈહય્ન'ને તોડીને ઊંચી ઉડાન ભરી છે. જગત આવી મહિલાઓથી પ્રભાવિત થયું છે. આજથી લગભગ છ દાયકા પહેલા(૧૯૬૯માં) આપણાં પાડોશી દેશ શ્રીલંકાના પ્રથમ મહિલા વડાપ્રધાન બનીને સિરિમાવો ભંડારનાયકે વિશ્વના રાજકીય પ્રવાહોમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું હતું. ૧૯૬૬માં ભારતના પ્રથમ મહિલા પ્રધાનમંત્રી તરીકે પસંદગી પામેલા ઈન્દિરા ગાંધીએ પોતાના કાર્યકાળ દરમિયાન એક સ્વતંત્ર વ્યક્તિત્વનું દર્શન કરાવ્યું હતું. બ્રિટનના વડાપ્રધાન પદે સતત ત્રણ વખત ચૂંટાઈને આવેલા માર્ગારેટ થેચરે પણ પોતાની વિચારસરણી મુજબ બ્રિટનના વહીવટને એક નવો વળાંક આપ્યો હતો. આ બધા નામો સાથે જ ગૌરવભેર જેનું નામ લઈ શકાય તેવા લોખંડી મહિલા ઓંગ સાન સૂ કી છે. સાંપ્રત સમયના એ લોખંડી મહિલા છે.

પહેલાના સમયમાં બર્મા તરીકે ઓળખાતા હાલના મ્યાનમાર તથા ભારત લગભગ એક સાથે જ આઝાદ થયા. આપણાં દેશના સારા નસીબ કે મહાત્મા ગાંધીના હાથે તૈયાર થયેલી રાજકીય કાર્યકર્તાઓની સમર્પિત હરોળને કારણે આપણે લોકશાહી વ્યવસ્થા દાખલ કરીને જાળવી શક્યા. મ્યાનમારમાં તેમ ન થઈ શક્યું. જેઓ વિદેશી સત્તા સામે લડ્યા હતા. તેઓ જ નવી વ્યવસ્થામાં સર્વસત્તાધીશ બનીને બેસી ગયા. માત્ર શાસકો બદલાયા પરંતુ વ્યવસ્થામાં કોઈ પરિવર્તન થયું નહિ. વિદેશી શાસકોની જેમ દેશના શાસકોએ પણ સામાન્યજનના અવાજને દબાવી દેવાના તમામ પ્રયાસો કર્યા. જરૂર જણાય ત્યાં બળનો પણ છૂટથી ઉપયોગ કર્યો. સ્વતંત્ર તથા ન્યાયપ્રિય વિચારસરણી તેમજ અપ્રતિમ નૈતિક શક્તિના બળે સૂ કી મક્કમ રીતે જુલ્મી શાસન સામે ખડી થઈ. સૂ કીના પિતા પણ બર્માના સ્વાતાંત્ર્ય સંગ્રામમાં વીરતાથી લડ્યા હતા. તેઓએ પોતાના જીવનનું બલિદાન પણ સ્વાતાંત્ર્યના ઉમદા હેતુ માટે આપેલું હતું. વિશ્વમાં આવા કિસ્સાઓ જૂજ હશે કે જ્યાં પિતા અને પુત્રી બંનેએ એક ઉમદા હેતુને ધ્યાનમાં રાખીને ફોલાદી તાકાત ધરાવતા જુલ્મી શાસન સામે હૃદયના નૈતિક બળે લડત શરુ કરી હોય. સૂ કીની લોકપ્રિયતાની જેમજ તેના પિતાની લોકપ્રિયતા મજબૂત હતી. સૂ કીની માતા ભગવાન બુધ્ધની ઉપાસક હતી. માતાની ઉદારતાના સંસ્કારોની છાપ પુત્રીમાં હતી. સૂ કીની માતાની નિમણુંક ભારતના રાજદૂત તરીકે થવાથી સૂ કીના જીવનના શરૂઆતના મહત્વના વર્ષો ભારતમાં ગયા. તેણે સ્કૂલ તથા કોલેજનું શિક્ષણ દિલ્હીમાં લીધું. ૧૯૬૯માં તેણે ફિલોસોફી સાથે સ્નાતકની પદવી મેળવી. રાજકીય જીવનના તેમજ ઉચ્ચ માનવીય મૂલ્યોના પાઠ સુ કીને પોતાની માતા પાસેથી મળ્યા હતા. ભારતમાં તેમનું શિક્ષણ થયું તેથી આપણાં દેશ સાથે તેમનો એક વિશિષ્ટ સંબંધ પણ થયો.

૧૯૬૨માં સુ કીની માતા ખિન કી પંડિત જવાહરલાલ નહેરુની શુભેચ્છા મુલાકાતે ગયા હતા. ત્યારે પુત્રી સુ કી પણ તેમની સાથે હતી. આ મુલાકાતના સમયે નહેરુજી સાથે ઈન્દિરા ગાંધી પણ હતા. ઈન્દિરાજીએ આ સમયે સુ કીને મહાત્મા ગાંધી વિશેનું એક પુસ્તક આપ્યું હતું. સુ કીને મહાત્માની ઓળખ તેમના અક્ષરદેહ સમાન પુસ્તકથી થઈ હતી. ગાંધીજીને વાંચ્યા પછી તેમના જીવન તથા વિચારોની સ્થાયી અસર સુ કીના જીવન ઉપર રહી હતી. મહાત્મા ગાંધીની અહિંસક સંઘર્ષની અસર સૂ કીના આંદોલનમાં પણ જોવા મળે છે.

સુ કીના લગ્ન એક અંગ્રેજ મહાનુભાવ માઈકલ સાથે ૧૯૭૨માં થયા. ત્રણેક વર્ષ સુ કી એ સંયુક્ત રાષ્ટ્ર સંઘમાં નોકરી પણ કરી. સુવિધાપૂર્ણ જીવન જીવવાનો વિકલ્પ તેની પાસે હતો. પરંતુ મ્યાનમારના શોષિત લોકો તેને જાણે કે સાદ પડતા હતા. અંતે તેણે સંયુક્ત રાષ્ટ્રની સુવિધાપૂર્ણ નોકરી છોડી અને સ્વદેશ પરત આવી. બર્માના તે સમયના લશ્કરી શાસક જનરલ વિન ચાઈનાના ઈશારે ચાલનારા હતા. દેશમાં વિવિધ પ્રકારે સામાન્ય જનતાનું શોષણ થતું હતું. તકલીફના સમયમાં બર્માની પ્રજાની સાથે રહેવા માટે સુ કી પોતાના પતિ તેમજ બાળકોથી છૂટી પડી રંગુન જવા નીકળી. બીમાર માતાની પણ તેણે સંભાળ લેવાની હતી.

સુ કીના આગમનથી બર્મામાં એક નવી ચેતનાનો સંચાર થયો. ઓગસ્ટ-૧૯૮૮માં એક વિશાળ રેલી મુક્તિની તેમજ લોકોના શાસનની માંગણી સાથે નીકળી. ગાંધીજીના રસ્તે સુ કી એ ચલાવેલી લડત શાંત તેમજ અહિંસક હતી. રંગુન શહેરમાં આ લોકશક્તિના નિદર્શનથી લશ્કરી અધિકારીઓ ડરી ગયા. લોકો પર જુલ્મો થયા. ગોળીબાર થયા. દુનિયાભરમાં બર્માની લડાઈ એક ચર્ચાનો વિષય બની. સુ કી શિસ્ત, એકતા તેમજ સવિનય કાનૂન ભંગના આગ્રહી રહ્યા છે. એક દુબળી-પાતળી સરળ સ્વભાવની મહિલા રાષ્ટ્રનેતા તરીકે ઉભરી આવી. 'દાઉ-સૂ'ના નામથી સ્થાનિક લોકોમાં તે લોકપ્રિય બની. ૧૯૯૧માં આ લોખંડી મહિલાને શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર મળ્યો. તે સમય તેઓ નજરકેદ હતા. સંઘર્ષનો અંત આવ્યા બાદ નવેમ્બર ૨૦૧૫થી સૂ કીનો પક્ષ સત્તાસ્થાને આવ્યો. જો કે લોકશાહી ધોરણે ચૂંટાયેલી સરકારને લશ્કરી અમલદારોએ ચાલવા ન દીધી. દાઉ-સૂનો સંઘર્ષ સતત ચાલુ રહ્યો છે. આઠમી માર્ચ આવી અનેક સમર્પિત મહિલાઓને વંદન કરવાનો સુયોગ્ય દિવસ છ.

# લક્ષ્યાંકો યોજનાના હોઈ શકે, જીવનના નહીં..!


સંવેદનનું સ્ટેટસ
રમેશ ઠક્કર

ઘણાં વરસો પછી અમુક મિત્રો મળ્યા..પુરાણી યાદો તાજી કરી.વિતેલા સમયની નાની મોટી ઘટનાઓ,અનુભવો, અને મેળવેલી જીવનસમજણ બાબતે ચર્ચાઓ કરી..સાથે જમ્યા..મોટાભાગના લોકો એ એક સમયે પોતે જોયેલાં સપનાઓ અને પ્રાપ્ત થયેલ સ્થિતિ બાબતે તદ્દન વિરોધાભાસ હોવાનું કબુલ્યું. કોઈનું પણ જીવન દોરેલી લાઈન ઉપર ચાલ્યું ન હતું..! જીવન ભલે આપણું હોય છે પણ એની પોતાની એક દિશા હોય છે..મોટાભાગના માણસોને જીવનનો પ્રવાહ દોરવણી આપે એ મુજબ જીવવું પડે છે..જગતમાં અમુક જ માણસો એવા આવતા રહે છે જે પોતાના જીવનનો માર્ગ પોતે જ નક્કી કરે છે !

પોતાના ધ્યેય સાથે જીવી શકે કે પોતે જ પોતાના રાહબર બની શકે એવા લોકોને આપણે અપવાદ ગણી શકીએ..સામાન્ય રીતે માણસ વિચારે છે કંઈક અને પામે છે બીજું કશુંક !ઘણીવાર એવું પણ લાગતું હોય છે કે કોઈક અગોચર કે અગમ પરિબળ જાણે આપણી નિયતિ નક્કી કરતાં હોય છે.રેડીમેડ ફોર્મ્યુલા જેવું એમાં કશું હોતું નથી..આકસ્મિકતા અને નાટયાત્મકતા એ ફકત ફિલ્મો કે નાટકનો જ હિસ્સો હોય એવું હોતું નથી..જીવનનો પટ પણ એવો જ રહસ્યમય હોય છે..આપણે જાણેઅજાણે પરિચિત મિત્રો કે સ્વજનોને જુની પુરાણી માપપટ્ટીથી જ માપતા રહીએ છીએ..માણસ બદલાય છે એનો સમય બદલાય છે..નવી તકો ઉભી થાય છે..કેટલાક લોકો સાતત્ય અને ધીરજથી અણધાર્યા ક્ષેત્રોમાં નામના મેળવતા હોય છે..આપણે આ બદલાવ એટલો સહજ રીતે સ્વીકારતા નથી.

આપણી સાથે સ્કૂલ કે કોલેજમાં ભણતો કોઈ મિત્ર એ સમયે સામાન્ય ચાર લીટી પણ ના લખી શકતો હોય..એના અક્ષરોનાં કોઈ ઠેકાણાં ના હોય એવો માણસ અમુક વર્ષો પછી જો કોઈ મોટો શિક્ષક,પ્રોફેસર કે ખ્યાતનામ લેખક તરીકે જાણીતો થઈ જાય તો અજાણ્યું જગત એનો સહજ સ્વીકાર કરી લે છે પણ પરિચિત લોકો એને જૂની વાતો કે એની મર્યાદાઓ યાદ કરાવી એની સફળતાનો જલ્દીથી સ્વીકાર કરી શકતા નથી..

હકિકતમાં ઈશ્વરે માણસમાત્રમાં એટલી અખૂટ શકિતઓ મુકેલી છે કે મોટાભાગના લોકોને એનો અંદાજ જ હોતો નથી..માણસ સંજોગો સામે ઘડાતો જાય ત્યારે એનામાં રહેલી સુષુપ્ત શકિતઓ આપોઆપ બહાર આવે છે..જરૂરિયાત કે મજબૂરી પણ માણસને અવનવા ક્ષેત્રોમાં લઈ જાય છે અને માણસ ના ધાર્યા હોય એવાં કામો કરી શકવાનું સામર્થ્ય મેળવી લેતો હોય છે..અમદાવાદ જેવા શહેરમાં સામાન્ય ઘરસંભાળની નોકરી કરતા અને ખેડૂત કહેવાય એવી કામમાંથી આવતા પન્નાલાલ ગુજરાતી સાહિત્યના દિગ્ગજ લેખક બની જાય કે મામુલી ફરી થકી ડિટરજન્ટ પાવડરનો ધંધો શરૂ કરનારા કરસનભાઈ પટેલ નિરમા જેવી જગપ્રસિદ્ધ કંપનીના માલિક બની જાય એ એમની સાથે કામ કરતા લોકો માટે આશ્ચર્ય સમાન હોય એ સ્વાભાવિક છે પરંતુ આવી સિધ્ધિઓને સહજ ભાવે બિરદાવવાની ખેલદિલી દરેકમાં હોતી નથી.

માણસની અસાધારણ શકિતઓ એમ અનાયાસ પ્રગટ થતી નથી..એક જ ખેતરમાં એક જ પ્રકારના વાતાવરણમાં એક જ ગુણવત્તાવાળું બિયારણ રોપી અનાજ ઉગાડયું હોય તો પણ દરેક કણસલાનો વૈભવ અલગઅલગ હોય છે.એક જ વિસ્તાર કે એક જ પ્રદેશમાં અડચણો સામે સંઘર્ષ કરતા લોકોમાંથી અમુક લોકો જ જાહેરજીવનમાં નામ કમાઈ શકતા હોય છે.ફિલ્મો કે નાટકોમાં કે ગાયનના ક્ષેત્રોમાં સામાન્ય શરૂઆત કરનારા લોકો આગળ જતાં ખૂબ જાણીતાં નામો બની જાય છે .જે લોકો ધમાકેદાર શરૂઆત કરે કે મોટા પ્રચાર કે ધામધૂમથી આરંભ કરે એવા લોકો કયારેક સમય સાથે ખોવાઈ જાય છે .આવું કેમ થતું હશે ?

આપણે જોઈએ છીએ કે માણસના જીવનમાં નિયતિ અથવા કિસ્મત બહુ મહત્વનો ભાગ ભજવે છે.કોઈ ક્ષેત્રમાં સંજોગોવશાત શુન્યાવકાશ ઉભો થાય ત્યારે સંઘર્ષ કરી રહેલી સામાન્ય પ્રતિભાઓ પણ ખીલી ઉઠે છે..કોઈ ફિલ્ડમાં કોઈ સમયે અનેક દિગ્ગજો કામ કરી રહ્યા હોય ત્યારે ઘણા લાયક લોકો પણ અનાયાસ પાછળ પડી જાય છે..કેટલાક લોકો જે પ્રવૃત્તિ હાથમાં લે,એને સહેલાઈથી મુકી દેતા નથી..સાતત્ય એ એમનો આગવો ગુણ હોય છે..પીચ ઉપર ટકી રહેતો બેટ્સમેન ધીરજ અને સાતત્ય થકી ઘણીવાર અદ્ભુત પ્રદર્શન કરી જાય છે..કેટલીક વ્યક્તિઓ નાની નાની મુશ્કેલીઓને મચક આપતી નથી..એમનામાં જન્મજાત લડાયક અભિગમ હોય છે..વેસ્ટમાંથી બેસ્ટ પ્રાપ્ત કરવાની એમની ધગશ અને ઉપાધીઓને તક માની એમાંથી રસ્તો કાઢવાની એમની રીતભાત એમને અણધારી સફળતા અપાવે છે.જે રૂટિન રીતે જીવન જીવતા લોકો માટે નવાઈપ્રેરક હોય છે.

એક અભ્યાસને અંતે એવું તારણ જોવા મળ્યું છે કે કેટલીક વ્યક્તિઓ સામાન્ય લોકોની સરખામણીએ વધારે બુધ્ધિશાળી કે શારીરિક રીતે સક્ષમ હોય એવા લોકો જીવનમાં લાંબો સમય ટકી શકતા નથી..એનું મુખ્ય કારણ એ હોય છે કે આવા લોકો શરૂઆતના તબક્કે પોતાની નિષ્ફળતાઓ કે મુસીબતો કે ખામીનો સહજ સ્વીકાર કરી શકતા નથી.એટલે એ લોકો નવું કશું શીખી પણ શકતા નથી..માતાપિતાનાં લાડકોડ કે વારસાગત સુખ સગવડો પણ માણસને એક મર્યાદિત અનુભવ જ કરાવે છે..જે માણસ પોતાનો કમ્ફર્ટ ઝોન છોડી સાહસની દુનિયામાં ઝંપલાવે છે એ જ મરજીવા સાબિત થાય છે..અઢાર વરસની ઉંમરે બેરિસ્ટર થનારા અને દિવાનના પુત્ર મોહનદાસ નાની ઉંમરે અનેક અગવડો વેઠી દરિયો નવાર કરી સાઉથ આફ્રિકા સામાન્ય નોકરી કરવા જાય છે ત્યારે એક અજાયબ જગત એમની રાહ જોઈને ઉભું હોય છે..અને અંધારાથી પણ ડરતો મોહન એક મહાત્મા બનીને ઉભરી આવે છે.

આપણા જ જેવો જ સાધારણ લાગતો માણસ જો કોઈ અસાધારણ રીતે નામના કાઢે એ ઘટના કોઈ ફિલ્મ કે નવલકથામાં આલેખાય તો આપણે હરખાઈ ઉઠીએ છીએ.પરંતું એવો કોઈ જીવતો જાગતો માણસ જો આપણી આસપાસ હોય આપણો જ કોઈ પરિચિત હોય કે લોહીનો સંબંધી હોય તો આપણે એને એટલી સહજતાથી અપનાવી શકતા નથી..એની સફળતા કારણવગર આપણને આપણી નિષ્ફળતા લાગે છે..જીવનની આ વિડંબના છે જે ખરેખર સમજવાનું સામર્થ્ય સહુ કોઈના હોતું નથી..મહેનત અને લગનથી પોતાની શક્તિઓને યોગ્ય રસ્તે ઉપયોગ કરનારા લોકો જીવનના કલાકાર હોય છે.એમની પાસે આગવો એક કસબ હોય છે

જીવન જીવવાની કળા એટલે શું?કોઈક હસમુખી વ્યકિતને મળીએ ત્યારે આપણે કહીએ છીએ 'તમે સરસ જીવો છો...' એવું કહેવાય છે કે સુખી થવાની કોઈ ચાવી નથી...કેમકે સુખના દરવાજા ઉપર જે તાળું દેખાય છે એ આભાસી હોય છે! એટલે તમે જો સુખના દ્વારે સહજ ટકોરા કરો તો એ હંમેશા ખુલ્લા જ હોય છે..અને જ્યાં સુખ હોય ત્યાં સફળતા સહજપણે આવી જાય છે.આવા લોકો માને છે કે ખુશહાલ રહેવા માટે દરેક પળને વ્હાલ કરવું જરૂરી છે.. જે મળ્યું છે એ જ ઉત્તમ..જેની અભિપ્સા છે એ મળી જ જાય એવું માનવું નિરર્થક..

કોઈકે સરસ કહયું છે કે 'સફળતા એટલે આપણી પાસે જે ફૂલો છે એમાંથી ગજરો બનાવવાની કળા..' શરત એ છે કે તમારી પાસે જે ફુલો છે એને જ સજાવવાનાં છે..જે નથી એનો વસવસો કરી શકિતઓ વેડફવાની નથી.જે મળ્યું એ જ સાર્થક કરીએ એ જ સાચો ઉપાય..જગતમાં ઘણી બધી ઉપલબ્ધિઓ મેળવનારા લોકો હોય તેથી શું ?આપણી ઉપલબ્ધિને જ આખરી માનવાની હોય છે.પોતે જ પોતાના સંતોષની સીમા નકકી કરવાની છે. લઘુતા એ પ્રસન્નતા સામેની મોટી અડચણ છે..આપણી પાસે નથી, નથીની યાદી જેટલી લાંબી..સુખ કદાચ એટલું જ દુર રહેતું હોય છે..સરળતા એ સુખનો પાસવર્ડ છે..પણ આપણે અઘરા પાસવર્ડ પસંદ કરીએ છીએ...

આર્ટ ઑફ લિવિંગ એટલે શું..? આ પંકિતઓ જુઓ..'જિંદગી ને જીવવાની ફિલસુફી સમજી લીધી..જે મળી ખુશી જીવનમાં આખરી સમજી લીધી.'આપણી મનઃસ્થિતી એ આપણી જીવનશૈલીનું વૉલપેપર છે...સ્વચ્છ મનોભાવો અને સરળ જીવન વ્યવ્હાર કદાચ આપણને વધારે પરિપુષ્ટ બનાવે છે. મોટાભાગે આપણે જિંદગીને કોયડો માની ઊકેલવાનો પ્રયત્ન કરતા રહીએ છીએ..હકિકતમાં એ હયાતી છે જેને જરૂર છે મકકમ હલેસાંની..એ રીતે આગળ વધતો નાવિક એટલે કે માણસ કોઈ નવો કિનારો શોધી નાખે એ સ્વાભાવિક હોય છે.લક્ષ્યાંકો કોઈ યોજનાના હોઈ શકે જીવનના નહી..જીવન તો જેમ ખુલે છે એમજ એને માણવાનું અને શણગારવાનું..ઘણા વરસે મળી જતા માણસો પણ કોઈ કિતાબ જેવા હોય છે..વિતેલો સમય એનાં પૃષ્ઠો ઉપર તરવરતો હોય છે..એમાં અવનવાં રહસ્યો સમાયેલાં હોય છે..પરંતું આપણે પ્રસ્તાવનાથી જ આગળ વધી શકતા નથી !

( rrthakkar2@gmail.com)